## રૂ. 500 ની ચલણી નોટોનો અસ્વિકાર

ડી સી એમ. 300 /08.04.21/2000-2001

5 જાન્યુઆરી, 2001

પ્રતિ,
ચેરમેનશ્રી
તમામ કોમર્શિયલ તથા કો-ઓપરેટીવ બેંકસ

સાહેબશ્રી,

રૂ. 500 ની ચલણી નોટોનો અસ્વીકાર

અમારી જાણમા આવ્યુ છે કે અમુક બેંકો રૂ. 500 ની ચલણી નોટો સ્વીકારતી નથી અથવા તો નંબરનું લીસ્ટ બનાવી / બનાવડાવી પછી જ સ્વીકાર કરે છે.

2. આથી અમે આપનુ ધ્યાન દોરીએ છીએ તા. જુન 18, 1998 અમારા પત્ર ડી સી એમ. નં.927/08.06.01/97-98 અને ફરીથી સ્પષ્ટતા કરીએ છીએ આર બી આઈ દ્વારા ચલણમા મુકવામા આવેલ રૂ. 500 ની નોટ કાયદાકીય રીત્ હાલ પણ ચલણમાજ છે તથા તેથી તમામ વ્યવહાર માટે તેનો સાહજીક રીતે સ્વીકાર કરવો.

3. અમે આપનુ ધ્યાન અમારા દ્વારા કરવામાં આવેલ રૂ. 500 ની નવી કલર સ્કિમવાળી ચલણી નોટોની જાહેરાત તરફ પણ દોરવા માગીએ છે અને જાહેર જનતાને જાણ કરીએ છે કે તેઓ રૂ. 500 ની જુની ડિઝાઇનની ગ્રીન કલરની ચલણી નોટો બદલાવી શકશે અમે વધુમાં એ પણ જણાવવા માંગીએ છીએ કે આ જાહેરાત જોઇ જૂની નોટોનો અસ્વીકાર ન કરવો તે હજુ પણ ચલણમાંજ છે.

4. આપને વિનંતી છે કે આપ તુરંતજ આપની તમામ શાખાઓને નિયમિત પણે રૂ. 500 ની ચલણી નોટો સ્વીકારવા તાકિદ કરશો તથા જાહેર જનતાના મનમા દહેશત પેદા ના કરે તેવો નિર્દેશ કરશો.

5. કૃપા કરી આ કાગળ મળ્યાની જાણ કરશો.

આપનો વિશ્વાસુ,

(સી ક્રિશ્નન)
મુખ્ય મહા પ્રબંધક